# પાટનગરની "સ્વચ્છતાની થાળીમાં" કચરા પેટીઓથી સર્જાતી "ગંદકીની મેખ"..!!

**શહેરના સેક્ટરોમાં ખુલ્લી જગ્યાએ મુકવામાં આવેલી મોટી કચરાપેટીઓની સફાઇમાં લાલિયાવાડી : કચરાપેટીમાં ખોરાક શોધતાં રખડતાં પશુઓ ગંદકી ફેલાવે છે : વરસાદી સીઝનમાં જીવજંતુઓના ઉપદ્રવનું સ્થાન બનશે આ કચરાપેટીઓ**





ગાંધીનગર તા.૧૮

એક તરફ ગાંધીનગરને 'સ્માર્ટ સિટી' બનાવવા મથામણ કરવામાં આવી રહી છે અને તે સાથે શહેર સ્વચ્છતા સર્વેક્ષણમાં સ્વચ્છ પાટનગરનું બિરુદ મેળવે છે પરંતુ હકીકતમાં શહેરમાં સ્વછતા અંગેની હાલત જોઈએ તો ચિંતાજનક કહી શકાય તેવી છે, ખાસ કરીને જ્યારે વરસાદી ઋતુનો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે સ્વચ્છતા બાબતે બેદરકારી શહેરીજનોને ભારે પડી શકે તેમ છે. શહેરમાં આમ તો હવે ઓટો પ્રોસેસિંગ વાળી ડસ્ટબીનો લગાડવાનું શરૂ થયું છે પરંતુ હજુ પણ શહેરના વિવિધ સેક્ટરોમાં મુકવામાં આવેલી જાહેર ડસ્ટબીનોની જે હાલત છે તે જોતાં ચિંતા ઉપજાવનારી છે. ડસ્ટબીનોને ક્યાંતો સમયસર ખાલી નથી કરાતી ક્યાંતો ખુલ્લી ડસ્ટબીનોને રખડતાં ઢોર ખોરાકની શોધમાં ફંફોળી ફેંદીને ગંદકીને વધુ પ્રસરાવે છે જે હવે ચોમાસની સીઝનમાં જીવજંતુઓના ઉપદ્રવનું સ્થાન બની શકે છે.

શહેરમાં વિવિધ સેક્ટર્સમાં અમુક નિશ્ચિત જાહેર સ્થળોએ જેમકે ચાર રસ્તા નજીક કે કોમન પ્લોટ પાસે અથવા શોપિંગ સેન્ટર નજીક મોટા ડસ્ટબીન કન્ટેનર્સ મુકવામાં આવ્યાં છે જેમાં આસપાસના રહેણાંકના રહીશો તેમનો વધારાનો કચરો તેમજ જાહેર જગ્યાઓ પર સાફસફાઈનું કામ કરતાં સફાઈકર્મીઓ તેમનો એકત્ર થયેલો કચરો તેમાં ઠાલવી શકે અને તેને નિયમિત કચરો ઉઘરાવવા આવતી ગાડીમાં લોડ કરીને લઈ જવાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલી હોય છે. જોકે શહેરમાં અનેક સ્થળે આ પ્રકારે મુકવામાં આવેલી ડસ્બીન કન્ટેનર્સને ખાલી કરવામાં લાલિયાવાડી જોવા મળે છે જેના કારણે સ્વચ્છતા જાળવવા મુકેલી આ મોટી ડસ્ટબીનો ગંદકીના ઢગ ખડાં કરવામાં કારણભૂત બને છે. આ પ્રકારની મોટી ડસ્ટબીન કન્ટેનર્સમાં ઘણીવાર કચરો ઉભરાતો હોય તેવા દ્રષ્યો જોવા મળે છે કારણકે તેમાંથી સમયસર તેમાંથી કચરો ઉઠાવાતો નથી. ઘણીવાર સેક્ટરમાં યોજાતા નાના-મોટા પ્રસંગોએ કરાવવામાં આવતાં ભોજન સમારંભ કે પેકેટ ફુડનો એંઠવાડ પણ આ ઢગલાંમાં ખડકવામાં આવી રહ્યો છે જેના કારણે દુર્ગંધયુક્ત માહોલ સર્જાય છે અને સેકટરમાં કૂતરાં-ગાય વગેરે રખડતાં પશુઓ ખોરાકની શોધમાં આ કચરાપેટીઓનો કચરો બહાર ખેંચી કાઢે છે.

આ સ્થિતિમાં કચરાપેટી નજીક જવું મુશ્કેલ બને એટલે કચરો નાંખવા આવેલા વસાહતીઓ દૂરથી કચરો ફેંકે અથવા બહારના ઢગલામાં જ કચરો નાંખીને જતા રહે તેવું પણ જોવા મળે છે. આ સ્થિતિમાં હવે જ્યારે ચોમાસાની સીઝન શરૂ થશે એટલે તેમાં પાણી ભરાતાં કોહવાટ વધશે અનદ જેના પગલે માખી-મચ્છર સહિતના જીવજંતુઓનો ઉપદ્રવ વધશે. આ રીતે ફેલાતી જોખમી ગંદકીને પગલે શહેરમાં રોગચાળાની પરિસ્થિતિ ના સર્જાય તે માટે અત્યારથી જ યોગ્ય પગલાં ભરવા જરૂરી જણાઈ રહ્યું છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે ડૉ. હર્ષદ પટેલે ચાર્જ સંભાળ્યો





ગાંધીનગર

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ તથા જાણીતા કેળવણીકાર શ્રી હર્ષદભાઈ શાહ (આદરણીય દાદા) શનિવારે ૧૮મી જૂને હોદ્દા પરથી નિવૃત્ત થયા. આ સાથે નવા ડાયરેક્ટર જનરલ તેમજ કુલપતિ તરીકે માનનીય શ્રી ડૉ. હર્ષદ પટેલે ચાર્જ સંભાળી લીધો છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ તેમજ માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહની મુદત શનિવારે પૂર્ણ થતી હોવાથી, રાજ્ય સરકાર દ્વારા નવા ડાયરેક્ટર જનરલ તેમજ કુલપતિ તરીકેનો વધારાનો ચાર્જ, ટીચર્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી ડૉ. હર્ષદભાઈ પટેલને સોંપવામાં આવ્યો છે. તેમણે શનિવારે શ્રી શાહ પાસેથી આ ચાર્જ સંભાળ્યો. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પરિવાર દ્વારા નિવૃત્ત થતા કુલપતિશ્રીનો વિદાયમાન તેમજ નવા કુલપતિશ્રીનો સ્વાગત સમારોહ શનિવારે સાંજે યુનિવર્સિટી પરિસરમાં યોજવામાં આવ્યો. જેમાં માનનીય શ્રી હર્ષદભાઈ શાહ, કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ તેમજ સમગ્ર યુનિવર્સિટી પરિવારે નવા કુલપતિશ્રીનું ભાવભેર સ્વાગત કર્યું. આ સાથે શ્રી હર્ષદભાઈ શાહને ભાવભેર વિદાયમાન આપ્યું. સ્ટાફના સભ્યોએ માનનીય શાહસાહેબ સાથેના સંભારણા રજૂ કર્યા. આ પ્રસંગે કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ સ્વાગત પ્રવચન સાથે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો પરિચય પણ આપ્યો. જ્યારે શ્રી હર્ષદભાઈ શાહે વિદાય પ્રવચનમાં યુનિવર્સિટીની વિકાસગાથા રજૂ કરી. આ સાથે તેમણે જરૂર પડ્યે કાર્ય હંમેશા ઉપસ્થિત રહેવાની તત્પરતા પણ વ્યક્ત કરી. નવનિયુક્ત માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ પટેલે પ્રવચનમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વિકાસયાત્રાને વધુ ગતિથી આગળ લઈ જવાની નિષ્ઠા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે, સમય સાથે કાર્યશૈલી અને વ્યક્તિઓ, વ્યવસ્થાઓ બદલાતી રહે, પરંતુ ધ્યેય અચળ હોય છે અને તેને પામવા માટે સમયાંતરે જે વ્યવસ્થા જરૂરી હોય તે સર્જાતી હોય છે. સૌ સાથે મળીને યુનિવર્સિટીને નવી ઊંચાઈ પર લઈ જઈશું એવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

# RTEના ત્રીજા રાઉન્ડ બાદ પણ ૭૩૫૪ જગ્યા ખાલી

ગાંધીનગર, તા.૧૮

RTE હેઠળ શાળામાં પ્રવેશ મેળવવા અંગેનો ત્રીજો રાઉન્ડ પૂર્ણ થયા બાદ પણ ૭૩૫૪ જેટલી જગ્યા ખાલી હોવાનું સત્તાવાર રીતે જાહેર થવા પામ્યું છે.

ખાનગી શાળાઓમાં આરટીઈ હેઠળ નબળા વર્ગના પરીવારના બાળકોને નિશુલ્ક પ્રવેશ આપવાની કામગીરી ત્રીજા રાઉન્ડમાં પૂર્ણ થઈ છે. ત્યારબાદની ખાલી જગ્યાઓ ભરવા ગરીબ પરિવારના બાળકોને વધુ એક તક આપવામાં આવી છે અને ત્રીજા રાઉન્ડ બાદ પણ ખાલી પડેલ જગ્યાને ભરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. RTE પ્રવેશ માટેના ચોથા રાઉન્ડ અન્વયે જો વિદ્યાર્થીઓ શાળાની પુનઃપસંદગી કરવા ઈચ્છતા હોવ તો તા.૧૯/૦૬/૨૦૨૨ થી તા.૨૧/૦૬/૨૦૨૨ સુધીમાં ઓનલાઈન અરજી કરી અને એપ્લીકેશન નંબર તથા જન્મતારીખ નાખી માત્ર શાળાઓની પસંદગી બદલી શકશો. RTE પ્રવેશ પ્રક્રિયાના ત્રણ રાઉન્ડની કામગીરી પૂર્ણ થતા ખાલી રહેલી ૭૩૫૪ જગ્યાઓમા જે બાળકોને પ્રવેશ મળ્યો નથી અને જે બાળકો ફળવાયેલી શાળામાં ફેરફાર કરાવવા ઈચ્છતા હોય તેઓ ૧૯/૦૬/૨૦૨૨ થી ૨૧/૦૬/૨૦૨૨ દરમિયાન RTE ના વેબપોર્ટલ પર જઈ શાળાઓની પુનઃ પસંદગીની જરૂરી પ્રક્રિયામાં સહભાગી થઈ શકશે.

# સે.૨૮માં દત્ત મંદિરના ૩૮મા ભવ્ય પાટોત્સવનું ભવ્ય આયોજન





ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં સેક્ટર-૨૮ ખાતે ભગવાન શ્રી રંગ અવધૂત ગુરુમહારાજ પરિવાર ટ્રસ્ટ દ્વારા દત્ત મંદિરનો ૩૮મો પાટોત્સવ જયેષ્ઠ કૃષ્ણ સપ્તમીને સોમવાર, તા.૨૦મી જુનના શુભ દિને ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાટોત્સવને અનુલક્ષીને વિવિધ શુભ ધાર્મિક પ્રસંગો તા.૧૬મી જુન ગુરુવારથી શરૂ થઈ ગયાં છે જેમાં ગુરુવારથી શનિવાર સુધી દરરોજ સવારે ૮ કલાકે શ્રી ગુરુલીલામૃતના પારાયણ કરવામાં આવે છે જેમાં બપોરે ૧ કલાકે ફળાહાર યોજાય છે. આગામી તા.૧૯મી જુન રવિવારે સાંજે ૪થી ૭ કલાક દરમ્યાન મંદિરે નારેશ્વરના સુરેશભાઈ દેસાઈ દ્વારા ભજનાનંદનો કાર્યક્રમ પ્રસ્તુત થશે તેમજ ૭.૩૦ કલાકે અવધૂતી ખિચડીના પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આગામી તા.૨૦મી જુન, સોમવારે સવારે ૮.૩૦ કલાકે હાથિજણના રંગ ભક્તો દ્વારા પદયાત્રા લવાયેલ નૂતન ધ્વજારોહણ સાથે પાટોત્સવનું પ્રારંભ થશે. સવારે ૯ કલાકે નારેશ્વરના આચાર્ય સર્વદમનભાઈ દ્વારા શ્રી દત્ત યાગનો પ્રારંભ કરાશે. સાંજે ૫ કલાકે મહાનુભાવોના આશિર્વચન બાદ સાંજે ૬ કલાકે શ્રી દત્ત યાગ પૂર્ણાહુતિ યોજાશે ત્યાર બાદ સાંજે ૭ કલાકે ભાવિક ભક્તો મહાપ્રસાદનો લાભ લેશે.

# ગાંધીનગર જિલ્લા નાગરિક પુરવઠા અને તકેદારી સમિતિની બેઠક યોજાઈ

**રેશનકાર્ડના અનાજનું કોઈ વ્યક્તિ કે રેશનીંગ દુકાનદાર દ્વારા નફા અર્થે વિતરણ ન થાય તેની ખાસ તકેદારી રાખવાનું જણાવતા જિલ્લા કલેક્ટરશ્રી**

ગાંધીનગર : શનિવાર :

રાજ્ય સરકાર દ્વારા રેશનકાર્ડ થકી આપતું અનાજ સાચા લાભાર્થી સુધી પહોંચે. તેમજ આ અનાજનું કોઈ વ્યક્તિ કે રેશનીંગ દુકાનદાર દ્વારા નફા અર્થે વિતરણ ન થાય તેની ખાસ તકેદારી રાખવા આજરોજ જિલ્લા કલેકટર શ્રી ડો. કુલદીપ આર્યએ જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તથા જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં જણાવ્યું હતું.

આ બેઠકમાં કલેકટરશ્રીએ ઉમેર્યું હતું કે, એવું ધ્યાનમાં આવ્યું છે કે, અમુક રેશનકાર્ડધારક દ્વારા પોતાને મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી લેવામાં આવે છે. તે સસ્તા ભાવે અનાજ થોડાક નફાનું ધોરણ લઈ વેપારી કે ફેરિયાને વેચી નાખવામાં આવતું હોય છે. આ પ્રકારની પ્રવૃત્તિ ના કરવા રેશનકાર્ડ ધારકોને અપીલ કરી હતી. તેમજ આ પ્રવૃત્તિ કરતા લાભાર્થીની, રેશનીંગ દુકાનદાર અને ખરીદી કરતા વેપારી સામે ફરિયાદ કરી કડકમાં કડક કાર્યવાહી કરવાનું પણ તમામ મામલતદારશ્રીઓને જણાવ્યું હતું. રેશન કાર્ડ સાથે મોબાઈલ જોડવા માટે કરવાની પ્રક્રિયાને ઝુંબેશ રૂપે શરૂ કરવાનું પણ ભારપૂર્વક જણાવ્યું હતું

આ બેઠકમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા મે- ૨૦૨૨ અંતિત સુધી કરવામાં આવેલી વિવિધ કાર્યવાહી માટે ની આંકડાકીય વિગતો રજૂ કરવામાં આવી હતી. જે અનુસાર આ કચેરી દ્વારા મે માસ દરમ્યાન ૧૯ લાયસન્સ આપવામાં આવેલા છે. તેમજ ૮ પરવાના રિન્યુ કરવામાં આવે છે. આ કચેરી દ્વારા ૧૨૫ વેપારીની તપાસ કરવામાં આવી છે. જેમાંથી ૭ વેપારીની ચીજવસ્તુઓના નમૂના લેવામાં આવ્યા છે. તેમજ મે- ૨૦૨૨ દરમ્યાન એડજ્યુડિકેટ ઓફિસર દ્વારા ૮૫ હજાર રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

આ બેઠકમાં ગાંધીનગરના ધારાસભ્ય શ્રી સી.જે ચાવડા, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી એ. આર. ઠક્કર, તમામ મામલતદાર સહિત સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાં છાપેલી કિંમત કરતાં વધુ કિંમત લેતા વેપારીઓ સામે કડક હાથે પગલાં લેવા તાકિદ

**ગાંધીનગર જિલ્લામાં ચીજવસ્તુઓ પર છપાયેલ કિંમત કરતાં વધુ કિંમત લેતાં અને તોલમાપમાં છેતરપિંડ કરતા વેપારીની ફરિયાદ ગ્રાહકો મોબાઇલ નંબર – ૭૩૮૩૦૧૬૬૯૯ પર કરી શકશે**



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં કોઈ પણ ચીજવસ્તુ છાપેલી કિંમત કરતાં વધુ કિંમત લેતા અને તોલમાપમાં ગ્રાહકો સાથે છેતરપિંડી કરતા વેપારીઓ સામે કડક હાથે પગલાં લેવા માટે જિલ્લા કલેકટર શ્રી ડાં. કુલદીપ આર્યએ આજે તોલમાપ નિયંત્રણ તંત્રના અધિકારીશ્રીને સુચના આપી હતી.

જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તથા જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં કલેકટર શ્રી ડાં કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, કોઈપણ વેપારી દૂધ, પાણીની બોટલ કે અન્ય ચીજ વસ્તુઓ ઉપર છાપેલી કિંમત કરતાં વધુ કિંમત ના લઈ શકે. પરંતુ અમુક વેપારીઓ દ્વારા નફાનું ધોરણ વધુ લેવાના આશયથી આ પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવે છે. ચીજવસ્તુઓની છાપેલી કિંમત કરતાં વધુ કિંમતે ગ્રાહકોને ચીજ વસ્તુઓ વેંચતા હોય છે. ગ્રાહકો કોઈપણ મજબૂરી કે અન્ય કારણોસર ના છૂટકે વેપારીની પાસેથી ઉંચી કિંમત ચૂકવી વસ્તુઓની ખરીદી કરતા હોય છે. તેમજ કરિયાણાની દુકાન, શાકભાજીના વેપારીઓ કે અન્ય તોલ કરીને વસ્તુનું વિતરણ કરતા વેપારીઓ દ્વારા ગ્રાહકોને તોલમાપમાં છેતરપિંડી કરતા હોય છે. આવા વેપારીઓ સામે એક ઝુંબેશ શરૂ કરી તેમની સામે કડકમાં કડક કાર્યવાહી કરવા પણ તેમને સૂચના આપી હતી

કલેક્ટરશ્રી ઉમેર્યું હતું કે, જાગૃત ગ્રાહકો પોતાની ફરિયાદ સરળતાથી કરી શકે તે માટેની સુચારુ વ્યવસ્થા કચેરી દ્વારા જિલ્લામાં ગોઠવવી જોઈએ. આ બાબતનો પ્રતિસાદમાં નિયમન તંત્રના અધિકારીશ્રી જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લાના કોઈપણ ગ્રાહક તોલમાપ નિયંત્રણ અંગેની ફરિયાદ મોબાઈલ નંબર ૭૩૮૩૦૧૬૬૯૯ પર કરી શકે છે. ટિવટ્ટર પર પોતાની ફરિયાદ કરી શકશે તે માટે ટિવટૂર એકાઉન્ટ @Tolmap _ Guj અને @chandresh _ kotak પર પણ આ ફરિયાદ કરી શકશે. આ પ્રકારની ફરિયાદ ઈમેઈલ tolmap-ahd@gujarat.gov.in પર પણ કરી શકાશે. ગ્રાહક પોતાની લેખિત ફરિયાદ નિયંત્રક, કાનુની માપ વિજ્ઞાન અને નિયામકશ્રી, ગ્રાહક બાબતોની કચેરી, બ્લોક નંબર ૨, ડી-૧ વિંગ, સાતમો માળ, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦/ એ, ગાંધીનગર ખાતે કરી શકે છે.

આ બેઠકમાં ગાંધીનગરના ધારાસભ્ય શ્રી સી.જે.ચાવડા, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી એ.આર. ઠક્કર સહિત સંબંધિત અધિકારીશ્રીઓ અને સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરમાં ત્રિ-દિવસીય નિઃશુલ્ક કાયરોપ્રેકટર સર્વિસ કેમ્પનું આયોજન

**સોમવારથી સે.૧૨માં ફિઝિયોથેરાપી કોલેજ ખાતે હાડકાં, નસ, સાંધા, અને સ્નાયુઓને લગતી તકલીફોના કારણે થતા દુઃખાવાનું નિદાન અને સારવાર કરાશે : અમેરિકાના ૧૨ નિષ્ણાંત કાયરોપ્રેકટિશનર્સ દર્દીઓને વિના મૂલ્યે તપાસીને માર્ગદર્શન આપશે : ગુજરાતમાં સૌપ્રથમવાર કાયરોપ્રેક્ટર સર્વિસ કેમ્પનું આયોજન**

ગાંધીનગરઃ તા.૧૮

ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ચંચળબેન મફતલાલ પટેલ ફિઝિયોથેરાપી કોલેજ, દ્વારા લાઈફ કાયરોપ્રેક્ટિક કોલેજ, વેસ્ટ- સાનફ્રાન્સિસ્કો, કેલિફોનિયા, અમેરિકાના સહયોગથી તા. ૨૦ જૂનથી ૨૨ જૂન સુધી ત્રિ-દિવસીય નિઃશુલ્ક કાયરોપ્રેકટર સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં સંધિવા, સ્નાયુપેશીઓની ઈજા જેવી પીડા માટે સારવાર કરવામાં આવશે. આયોજિત નિઃશુલ્ક સારવાર કેમ્પમાં અર્થે લાઈફ કાયરોપ્રેક્ટિક કોલેજના પ્રેસિડેન્ટ ડૉ. રૉન ઓબરસ્ટાઈનની ટીમના ૧૨ જેટલા સભ્યો કાયરોપ્રેકટર તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહેશે.




આ કેમ્પ અંગે વાત કરતા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલે જણાવ્યું હતું, કે 'કર ભલા હોગા ભલા' ના ધ્યેય સાથે ૧૯૧૯માં શરૂ થયેલ આ સંસ્થા એક શતાબ્દી પસાર કરી એક નવા ચરણમાં પ્રવેશ કર્યો છે. આજે સી.એમ.પટેલ ફિઝિયોથેરાપી કોલેજ અને લાઈફ કાયરોપ્રેક્ટિક કોલેજ, વેસ્ટ- સાનફ્રાન્સિસ્કો, કેલિફોર્નિયા, અમેરિકાના સહયોગથી તા. ૨૦ જૂનથી ૨૨ જૂન સુધી ત્રિ-દિવસીય નિઃશુલ્ક કાયરોપ્રેકટર સારવાર કેમ્પનું આયોજન કરવા જઈ રહ્યા છીએ. આ પ્રસંગે આપણી સાથે કાયરોપ્રિક્ટિક કોલેજના પ્રેસિડેન્ટ ડૉ. રોન ઓબરસ્ટાઈન અને તેમની ટીમ ઉપસ્થિત રહીને કેમ્પને સફળ બનાવશે.

કેમ્પના આયોજનનો મુખ્ય હેતુ જણાવતાં વધુમાં કહ્યું કે, અમેરિકાના પ્રવાસ દરમ્યાન કાયરોપ્રેકટર થેરાપી વિશે ત્યાનાં નાગરિકોમાં જાગૃતિ જોઈ હતી. આ થેરાપીના ફાયદા નિહાળ્યા અને કાયરોકટર થેરાપીની શિક્ષણ આપતી સંસ્થાઓ પણ જોવા મળી હતી જેમને તબીબી ડૉકટરો અને ફિઝિયોથેરાપિસ્ટ સમાન શિક્ષણ આપવામાં આવે છે. આ પદ્ધતિ આપણાં ત્યાં આવે અને નાગરિકોમાં જાગૃતિ ફેલાય તે ઉદ્દેશ્યથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે તેમણે કહ્યું હતું કે, આપણે શરીરને એક મશીનની જેમ ઉપયોગ કરીએ છીએ. પરંતુ તેની કાળજી લેતાં નથી. આથી સ્નાયુઓના ખેચાણ સાથે શરીર રચનાને આપણે ડિસ્ટર્બ કે અડચણ ઉભી કરીને નવી તકલીફોને આમંત્રિત કરીએ છીએ. આ શરીર રચનાને પુનઃ સુનિયોજિત કરવાનું કામ કાયરોપ્રેકટર પદ્ધતિથી થાય છે. જે આપણી શરીર રચનાને યોગ્ય સ્થાને ગોઠવીને ગરદન, માથાનો દુઃખાવો, માઈગ્રેન, સ્નાયુઓ અને ચેતાતંત્રની તકલીફોન પુનઃ ગોઠવણ કરીને અનુભવાતી અને પેદા થતી બીમારીમાંથી રાહત અપાવશે.

આ પ્રસંગે અમેરિકાની કાયરોપ્રેક્ટિક કોલેજ વેસ્ટના પ્રેસિડેન્ટ ડૉ. રૉન ઓબરસ્ટાઈને કાયરોપ્રેકટર થેરાપી વિશે પોતાનો મત પ્રગટ કરતાં જણાવ્યું હતું કે, કાયરોપ્રેકટર ઉપયોગ મોટેભાગે ન્યુરો-મસ્કયુલો-સ્કેલેટલ ફરિયાદોની સારવાર માટે કરવામાં આવે છે, જેમાં પીઠનો દુખાવો, ગરદનનો દુખાવો અને હાથ અથવા પગના સાંધામાં દુખાવોનો સમાવેશ થાય છે," આ સૌથી વધુ કરોડરજ્જુને લઈને ઈજાઓ અને પીઠને લઈને દુખાવાના પ્રમાણો વધી રહ્યાં છે.

## કાયરોપ્રેકટર થેરાપી ક્યાં ઉપયોગી બને?

કાયરોપ્રેકટર થેરાપી આયુર્વેદની જેમ એક કુદરતી ઉપચાર પદ્ધતિ હોવાનું જણાવતાં વલ્લભભાઈ પટેલે જણાવ્યું હતું કે "આપણાં ત્યાં બાળકોથી લઈને વયસ્કો સતત કમ્પ્યૂટર, લેપટોપ, મોબાઈલનો ઉપયોગ કરે છે. જેનાથી ગરદનના સ્નાયુઓની સાથે ખુરશીમાં ખોટી રીતે બેસવાની પદ્ધતિથી પણ કમર દુઃખાવો, હાથ જકડાવા જેવી અનેક બીમારીઓથી પીડાઈએ છીએ. રાહત મેળવવા માટે આપણે અવનવી દવાઓનો ઉપયોગ કરતાં નવા રોગોને પણ નિમંત્રણ આપીએ છીએ. જો કે જાગૃત નાગરિકો ફિઝિયોથેરાપી, યોગ વિગેરેનો ઉપયોગ કરતાં હોય છે. પરંતુ મારા મતે જો કાયરોપ્રેકટર થેરાપીનો ઉપયોગ કરીએ તો ઘણી તકલીફોમાંથી આપણે મુક્ત થઈ શકીએ છીએ".

## કોણ છે કાયરોપ્રેક્ટકર ડો. રોન ઓબરસ્ટાઈન?

ડૉ. રૉન ઓબરસ્ટાઈન અમેરિકાના કેલિફોર્નિયા પ્રાંતમાં હેયવાર્ડ ખાતેની કાયરોપ્રેક્ટિક કોલેજ વેસ્ટના પ્રેસિડેન્ટ છે અને તેઓ ૧૯૮૧થી કાયરોપ્રેક્ટિક પ્રેક્ટિસ કરી રહ્યાં છે અને સાથે ૧ હજારથી વધુ કાયરોપ્રેક્ટકર્સને કુદરતી સ્વાસ્થ્યના લાભો અંગે શિક્ષણ આપી ચુક્યાં છે. ડૉ. રૉને ૧૯૯૪માં પાવર ઝોન નામની કંપની સ્થાપી હતી જેમાં તેઓ તબીબોને તાલીમ આપતા હતા. વલ્લભભાઈ પટેલના જણાવ્યાં અનુસાર તેઓ દરવર્ષે દિલ્હી ખાતે કાયરોપ્રેક્ટિક સર્વિસ કેમ્પ યોજે છે જેમાં હજારોની સંખ્યામાં નાગરિકો પોતાના દર્દથી મુક્તિ માટે સારવાર મેળવે છે જે નિહાળીને તેમને ગુજરાતમાં કેમ્પ યોજવાનો વિચાર આવ્યો હતો.

અમારી જાણકારી પ્રમાણે અને વલ્લભભાઈની સાથે થયેલી ચર્ચાઓના અનુસંધાને ભારતમાં કાયરોપ્રેકટર થેરાપી માર્ગદર્શન માટે અમારી સંસ્થા દ્વારા કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ જેવા દેશોમાં પણ પ્રયાસ કરી રહ્યાં છીએ.

અમારા ૧૨ તજજ્ઞો દ્વારા સોમવારથી લઈને બુધવાર સુધી આપના શરીરને લગતી સમસ્યાઓનું સમાધાન કરવામાં આવશે. આ સારવાર કેમ્પનો લાભ આપના થકી ગાંધીનગર અને અમદાવાદના નાગરિકોને મળી રહે તેવી અપેક્ષા છે.